**ડાયરેક્ટ ❤ સે**

શું જતું કરવું
અને શું જાતે કરવું
એ જો સમજાઈ જાય
તો સ્વર્ગ અહીં જ છે !

## જન્મદિને વધામણી



જ્યોત્સનાબેન દિનેશકુમાર પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮



પ્રીતિ શર્મા
લાયોનેસ કલબ



પ્રાચી સંજયકુમાર શાહ
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧



માહી ભરતકુમાર સોલંકી
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**
**- સંપાદક**

# ઈન્ફોસિટી સ્કૂલ ખાતે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ







ઈન્ફોસિટી સ્કૂલ, સરગાસણ ખાતે શનિવારે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત વર્ષ દરમિયાન અભ્યાસમાં પહેલા ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓ ઉપરાંત સ્ટુડન્ટ ઑફ ધી યર અને બેસ્ટ ક્લાસને શિલ્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શાળા કક્ષાએ યોજવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સ્પોર્ટ્સ ડે, આર્ટ એન્ડ ક્રાફ્ટ, સ્પર્ધાઓમાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને તેમજ સંસ્કૃત ગૌરવની પ્રવેશિકામાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઈનામ વિતરણ આયોજનમાં ઈન્ફોસિટી સ્કૂલ, સરગાસણના મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સર અને પ્રમુખ વૈષ્ણવસર પણ હાજર રહ્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમ ઈન્ફોસિટી શાળાના પ્રિન્સિપાલ પ્રવીણાબેન અને સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં સ્કૂલ ઍવોર્ડ દિવસ





સેક્ટર -૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કુલમાં શનિવારે સ્કૂલ અવોર્ડ દિવસ યોજાયો હતો. જેમાં નિવૃત શિક્ષકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ''વિવિધતામાં એકતા'' થીમ પર નાટક અને નૃત્ય રજુ કર્યા. સમગ્ર વર્ષ દરમિયાન શૈક્ષણિક અને સહ શૈક્ષણિક પ્રવૃત્તિમાં ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રોફી, મેડલ તથા સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

### મહિલા સામખ્ય, ગુજરાતના ઉપક્રમે

## સોમવારે માહિતી કેન્દ્ર કમ કાઉન્સેલિંગ સેન્ટર અંગે એક દિવસીય વર્કશૉપ

ગાંધીનગર, તા. ૨૪

મહિલા સામખ્ય, ગુજરાત રાજ્યમાં શિક્ષણ વિભાગ કાર્યરત છે. જે રાજ્યના સામાજિક શૈક્ષણિક રીતે પછાત, એસટી-એસસીનો દર વધુ હોઈ તેમજ સ્ત્રી સાક્ષરતા દર ઓછો હોય તેવા કાર્યવિસ્તારમાં સ્ત્રી સમાનતા માટે શિક્ષણ થકી સ્ત્રી સશક્તિકરણના હેતુને લઈને ગ્રામીણ મહિલાઓમાં શૈક્ષણિક પ્રક્રિયાઓની જાગૃતિ લાવી તેમને સમર્થ બનાવવાનું કાર્ય કરે છે. બહેનો સામુહિક ચિંતન કરી સ્વનિર્ણય શક્તિના ઉપયોગથી આત્મપ્રતિષ્ઠા અને આત્મવિશ્વાસનું નિર્માણ કરી તેઓ સામાજિક પરીવર્તનમાં ભાગીદાર બને તે સઘળી પ્રક્રિયા માટે જરૂરી સમય મોકળાશની તક હેતુસર મહિલા સામખ્ય કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આમ, મહિલા સામખ્ય કાર્યક્રમ અંતર્ગત સરકારની વિવિધ યોજનાકીય માહિતી, જરૂરી ફોર્મ્સ તથા માર્ગદર્શન નજીકના સ્થળેથી તથા સરળતાથી મળી શકે અને અતિ છેવાડાના દરેક વ્યક્તિ લાભ લઈ શકે તે આશયથી મહિલા સામખ્યના કાર્યવિસ્તારમાં કુલ ૧૧૦ માહિતી કમ કાઉન્સેલિંગ સેન્ટર્સ ક્લસ્ટર લેવલે કાર્યરત છે.

આ દરેક માહિતી કમ કાઉન્સેલિંગ સેન્ટરનું સંચાલન મહિલા સામખ્ય રચિત સંઘની નક્કી કરેલ બે બહેનો દ્વારા કરવામાં આવે છે. આમ, આ સંચાલિકા બહેનોને સરકારના વિવિધ વિભાગો તેમજ તેની યોજનાથી વધુમાં વધુ માહિતગાર થઈ શકે તેવા શુભાશયથી અંજલીબેન વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને તા. ૨૬ માર્ચ ને સોમવારના રોજ ગાંધીનગર મુકામે એક દિવસ વર્કશૉપ યોજવામાં આવ્યો છે. મહિલા સામખ્ય, ગુજરાતનાં રાજ્ય કાર્યક્રમ નિયામક અપેક્ષા એચ ભટ્ટ દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સવારે ૧૦.૩૦થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન આયોજિત આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગરનાં અધ્યક્ષ લીલાબેન અંકોલીયા, આમંત્રિત મહેમાન તરીકે ગુજરાત ભાજપ મહિલા મોરચાનાં ઉપાધ્યક્ષ અરૂણાબેન ચૌધરી, ગુજરાત રાજ્ય બાળ આયોગનાં ડિરેક્ટર રાજુલબેન દેસાઈ અને ગાંધીનગર તાલુકા પંચાયતનાં પ્રમુખ શોભનાબેન આઈ વાઘેલા ઉપસ્થિત રહેશે.

## આજે સાંજે ત્રિદલની માસિક બેઠક

ગાંધીનગર, તા. ૨૪

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા 'ત્રિદલ'ની માર્ચ માસની માસિક બેઠક ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન, સેક્ટર-૨૧ ખાતે તા. ૨૫ માર્ચ ને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે મળશે.

બેઠકમાં આગામી કાર્યક્રમોનું આયોજન વિચારવામાં આવશે. સૌ સભ્યોને તથા ભાવકોને ઉપસ્થિત રહેવા પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ઍનઍસઍસ વિભાગ દ્વારા

## મોગરી મુકામે વાર્ષિક કૅમ્પનું આયોજન



ગાંધીનગર, તા. ૨૪

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના નેશનલ સર્વિસ સ્કિમ દ્વારા સાત દિવસના ઍનઍસઍસ કૅમ્પનું આયોજન મોગરી મુકામે કરવામાં આવ્યું છે. કૅમ્પના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજિત ઍન પટેલ, મોગરી ગામના સરપંચ મિલનભાઈ પટેલ, અંધ અપંગજન શાળાના આચાર્ય જશવંતભાઈ ડાભી, હેમંતભાઈ પટેલ તથા ઍનઍસઍસના પ્રોગ્રામ ઑફિસર ડૉ. ઍચ વી પટેલ, પ્રૉ. મયુર ઍમ સેવક, જતન પટેલ, મેઘા પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગીતથી કર્યા બાદ ઍનઍસઍસના સ્વયંસેવક આકાશ પટેલે અતિથિઓનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજિત ઍન પટેલે જણાવ્યું હતું કે ઍનઍસઍસનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રનિર્માણ અને સમાજની સેવા થકી તેનું કલ્યાણ કરવાનો છે. ઉપરાંત ઍનસીસી અને ઍનઍસઍસમાંથી કોઈ એક વિકલ્પ રાષ્ટ્રભાવના માટે અત્યંત જરૂરી છે. તદુપરાંત જણાવ્યું હતું કે જો ટૅકનોલૉજીને શહેરથી ગામ સુધી જો લાવી શકાય તો ઘણા સુધારા થઈ શકે. ઉપરાંત કન્યા કેળવણી, બેટી બચાવો ઉપરાંત સ્વચ્છતા અભિયાન જેવા કાર્યક્રમોને ઍનઍસઍસ અંતર્ગત આવરી લેવા જણાવ્યું હતું. ગામના સરપંચ મિલનભાઈ પટેલે આ પ્રસંગે કોઈપણ પ્રકારની મદદ માટે મોગરી ગામ તત્પર છે, તેવો ઉત્સાહ પ્રદર્શિત કર્યો હતો. ઍનઍસૅસના પ્રોગ્રામ ઑફિસર પ્રૉ. મયુર સેવકે ઉપસ્થિત મહાનુભાવોનો આભાર માન્યો હતો. ઉપરાંત આ પ્રકારના આયોજનથી ઉદ્ભવતો સમાજસેવાનો એપ્રોચ વિદ્યાર્થીઓને તેમના ઘડતરમાં ખૂબ ઉપયોગી છે તેમ જણાવ્યું હતું. પ્રોગ્રામ ઑફિસર ડૉ. ઍચ વી પટેલે કુદરતી સંપત્તિની કેળવણી તથા સંવર્ધન માટે આહ્વાન કર્યું હતું. અંધ અપંગ શાળાના પ્રિન્સિપાલ જશવંતભાઈ ડાભીએ 'જળ બચાવો' સૂત્ર દ્વારા વિદ્યાર્થીઓને પાણીના સદુપયોગ માટે ગામમાં અવેરનેસ માટે પ્રયત્નો હાથ ધરે તો ઘણી સેવા થઈ શકે તેમ જણાવ્યું હતું. મોગરી ગામે ૪૦ વિદ્યાર્થીઓ દ્વારા શરૂ થયેલા આ કૅમ્પમાં પ્રભાતફેરી, પ્રાણાયમ, સૂર્ય નમસ્કાર, ચિત્રકામ, નિબંધલેખન, સરકારી યોજનાઓની માહિતી આપવી, સ્વચ્છતા અભિયાન, શેરી નાટકો, નેત્ર નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ વિગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રસંગે ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ ભીખુભાઈ પટેલ, અન્ય હોદ્દેદારો તથા સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજિત ઍન પટેલે ઍનઍસઍસ ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## ડિગ્રી ઈજનેરી-ફાર્મસીમાં ૨૯મીથી પ્રવેશપ્રક્રિયા

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૨ સાયન્સની પરીક્ષા પૂર્ણ થઈ ચુકી છે. બીજીબાજુ ધો.૧૨ પછીના ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટેની કાર્યવાહી કરતી એડમિશન કમિટીએ આગામી તા.૨૯મીથી પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવાની જાહેરાત કરી દીધી છે. તા.૨૯મીથી રાજયની ૧૨૩ ખાનગી બેંકમાં પિન અને માહિતી પુસ્તિકાનું વિતરણ શરૂ કરવામાં આવશે. એક માસ પછી એટલે તા.૨૯મી એપ્રિલથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ચાલુ વર્ષે કુલ ૬૬૦૫૯ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. .

સામાન્ય રીતે ધો.૧૨ સાયન્સનું પરિણામ આવે ત્યારબાદ ડિગ્રી ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ કરવામાં આવતી હોય છે. પરંતુ આ વખતે દરવર્ષ કરતાં ૪૫ દિવસ અગાઉ કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ૨૯મી માર્ચથી કોટક મહિન્દ્રા બેંકની ૧૨૩ શાખાઓમાંથી પિન અને માહિતી પુસ્તિકા વિદ્યાર્થીઓ મેળવી શકશે. પિન માહિતી પુસ્તિકા માટે વિદ્યાર્થીઓ ૩૫૦ રૂપિયા આપવાના રહેશે. એટલે કે ગતવર્ષ કરતાં પિનની ફીમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. તા.૨૯મી એપ્રિલથી રાજયના દરેક જિલ્લા સ્તરે થઈને કુલ ૧૧૧ હેલ્પસેન્ટરો પર રજિસ્ટ્રેશનની પ્રક્રિયા થઇ શકશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ માહિતી પુસ્તિકાનો અભ્યાસ કરે તે માટે આ વર્ષે વહેલી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ડિગ્રીની સાથે ફાર્મસીની પણ કુલ ૫૨૧૪ બેઠકો પર આજ રીતે કાર્યવાહી શરૂ કરવામાં આવશે. એડમિશન કમિટી દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શન પુસ્તિકામાં ચાલુ વર્ષે બ્રાન્ચ પ્રમાણે કઈ કોલેજમાં કેટલા ટકાએ પ્રવેશ અટકયો હતો તેની વિગતો પણ આપવામાં આવી છે. આ ઉપરાંત નિરમા, પીડીપીયુ સહિતની સંસ્થાઓ કે જેઓ પોતાની ૫૦ ટકા બેઠકો જેઈઈના મેરિટના આધારે ભરે છે તે સંસ્થાઓના સંચાલકો સાથે પ્રવેશ સમિતિના સત્તાધીશો દ્વારા બેઠક કરવામાં આવશે. જેમાં બન્ને પ્રવેશ પ્રક્રિયા એકસાથે ન થાય અને વિદ્યાર્થીઓને એક સંસ્થામાં પ્રવેશ મળ્યો હોય તો બીજી જગ્યાએ જવામાં મુશ્કેલી ન થાય તેની તકેદારી રાખવા પ્રયાસ કરવામાં આવશે.

## એનસીટીઈ દ્વારા ગુજરાતની વધુ આઠ કોલેજોને કલોઝર નોટિસ

ગાંધીનગર, તા. ૨૪

નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન (એનસીટીઈ) દ્વારા ગુજરાતની વધુ આઠ કોલેજોને કલોઝર નોટિસ આપવામાં આવી છે. અગાઉ ચાર કોલેજને કલોઝર નોટિસ અપાતા ભારે વિવાદ ઊભો થયો હતો. જેના પગલે સરકાર દ્વારા ગ્રાન્ટેડ બી.એડ કોલેજમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે એનઓસી આપવાની જાહેરાત કરવી પડી હતી. આમછતાં કાઉન્સિલ દ્વારા વધુ આઠ કોલેજોને કલોઝર નોટિસ અને અન્ય ૨૦થી વધુ કોલેજોને ક્ષતિપૂર્ણ કરવાની તાકીદ કરવામાં આવી છે. ગ્રાન્ટેડ બી.એડ કોલેજોમાં અધ્યાપકોની ભરતી કરવા માટે સરકાર પાસેથી એનઓસી લેવાની હોય છે. સરકાર દ્વારા લાંબા સમયથી આ એનઓસી આપવામાં આવતી ન હોવાના કારણે કોલેજો સ્ટાફ ભરી શકતી નહોતી.

## આઈબીઍમની નવી શોધ : મીઠાના દાણાથી પણ નાનું કમ્પ્યુટર


### વિશ્વનું સૌથી નાનું કમ્પ્યુટર મોનિટરિંગ, એનલાઈઝીંગ, કમ્યૂનિકેટિંગથી કામ કરે તેવું છે

ગાંધીનગર, તા. ૨૪

અમેરિકાની અગ્રણી ટેક્નોલોજી કંપની આઈબીએમએ વિશ્વનું સૌથી નાનું કમ્પ્યુટર રજૂ કર્યું છે. આ કમ્પ્યુટર માત્ર ૧ X ૧ મિલિમીટરનું છે. મતલબ કે મીઠાના દાણાથી પણ નાનું. વળી, આ કમ્પ્યુટર બનાવવામાં ખર્ચ પણ ખૂબ ઓછો થાય છે. એક કમ્પ્યુટર પાછળ માત્ર ૧૦ સેન્ટથી પણ ઓછો ખર્ચ થાય છે. આઈબીએમ થિન્ક ૨૦૧૮ કોન્ફરન્સ ૧૯ માર્ચથી શરૂ થઈ છે જેમાં આ કમ્પ્યુટર સૌપ્રથમ રજૂ કરાયું હતું. વિશ્વના આ સૌથી નાના કમ્પ્યુટરમાં X૮૬ ચિપ છે. આઈબીએમે કહ્યું છે કે આ કમ્પ્યુટરમાં ૧૦ લાખ ટ્રાન્ઝીસ્ટર છે જેને જોવા માટે માઈક્રોસ્કોપની જરૂર પડે તેમ છે. આ નાનકડું કમ્પ્યુટર મોનિટરિંગ, એનલાઈઝીંગ, કમ્યૂનિકેટિંગ અને ડેટા પરથી કામ કરે તેવું છે. આ ઉપરાંત આ કમ્પ્યુટર મેમેરી માટે SRAMથી સજ્જ છે અને વીજળી માટે તેમાં ફોટો-વોલ્ટેઈક સેલ પણ છે. તે એલઈડી અને ફોટો ડિટેક્ટરનો ઉપયોગ કરીને અપલિન્કિંગ અને ડાઉનલિન્કિંગ પણ કરવા માટે સક્ષમ છે.

કોન્ફરન્સમાં આઈબીએમ રિસર્ચના પાંચ પ્રોજેક્ટ રજૂ કરાયા હતા, જેના ભાગરૂપે આ ડિવાઈસ છે. આઈબીએમની રિસર્ચ ટીમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI), બ્લોકચેઈન, એન્ક્રીપ્શન અને ઈન્ટરનેટ ઓફ થિંગ (IoT) આધારીત પાંચ ટેક્નોલોજી પર કામ કરી રહી છે. આ તમામ ટેક્નોલોજી બ્લોકચેઈન ટેક્નોલોજીને આધારે ક્રીપ્ટો-એન્કર હેઠળ કલબ કરી દેવાઈ છે, જોડી દેવાઈ છે.

આ ક્રીપ્ટો-એન્કર નાનકડા કમ્પ્યુટર કે ઓપ્ટિકલ કોડનું સ્વરૂપ રચે છે જેને પ્રોડક્ટ્સમાં એમ્બેડ કરી શકાય છે. આઈબીએમ કહે છે કે આ ક્રીપ્ટો-એન્કરનો હેતુ નકલી પ્રોડક્ટ્સ હટાવવા માટે છે. આજે વિશ્વમાં નકલી પ્રોડકટ્સનો રાફડો ફાટ્યો છે. વળી, ક્રીપ્ટો-એન્કર અત્યંત સિક્યોર ગણાય છે જેને



ક્લોન કરી શકાતા નથી.

બ્લોક ચેઈન ટેક્નોલોજીની મદદથી પ્રોડક્ટનું ઉત્પાદન થાય ત્યારથી લઈને તે ગ્રાહકના હાથમાં જાય ત્યાં સુધી તેની ઓથેન્ટિસિટી નક્કી થઈ શકશે.